dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

June 2014 For private circulation only Vol. 06 - Issue 131-32

માહિતી અને જ્ઞાન વચ્ચેનો ભેદ શિક્ષકે સમજવો જ રહયો. શિક્ષકે મહિતી આપી, બીજા તબકકામાં જ્ઞાન અને ત્રીજા તબકકામાં વિદ્યા આપવા માટેનું સામર્થ્ય કેળવવું રહયું. માત્ર પગારદાર શિક્ષક નહીં, પરંતુ આગામી પેઢીને ઘડનારો સમાજનો હું જવાબદાર વ્યકિત છું... ભાવ તેમણે કેળવવો રહયો.. શિક્ષણની સુધારણા માટે વ્યકિતની માનસિકતામાં પરિવર્તન લાવવું તે તેની પ્રાથમિક શરત છે. વ્યકિતની માનસિકતા અને શિક્ષણ પ્રત્યેના તેના અભિગમમાં પરિવર્તન ન આવે ત્યાં સુધી શિક્ષણને સુધારવાના કોઇ પણ ઉપાયો કારગત નીવડવાના નથી...??

નરેન્દ્ર મોદી

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

છેલ્લાં કેટલાંક વર્ષોથી હું અને તમે સૌ આચાર્ય મિત્રો તથા અધ્યાપક મિત્રો શિક્ષણ સાધના કરી રહયાં છીએ અને કરાવી રહયાં છીએ. આપણી આ શિક્ષણ સાધનાનું મિષ્ટ ફળ સમાજ કે રાષ્ટ્રને કેટલું મળ્યું એનો કદી ય વિચાર કર્યો છે ખરો ? આપણી જ્ઞાન ઉપાર્જન અને જ્ઞાન વિતરણ કે વિસ્તરણની જે મથામણ છે તેનું પરિણામ શું? આવો પ્રશ્ન બીજું કોઈ આપણને પૂછે તે પહેલાં આપણે જ આપણી જાતને પૂછી લેવામાં આપણાં આત્મ સન્માનનું હીત સમાયેલું છે એ સમજવું જોઈએ . રોટલા ઉપર એની ઘડનારીના આંગળાની છાપ અંકાયેલી હોય છે તો આપણે તો માણસ ઘડવાના છે. આપણે જેને ઘડી રહયા છીએ તેના પર આપણી કશી છાપ ઉઘડી કે નહિ તે જોવાનું-તપાસવાનું કામ આપણું છે. સમાજ તો એ બધું પછીથી જોશે-તપાસશે. કમિટમેન્ટ કોઈ પણ વ્યવસાયની અનિવાર્ય શરત છે.

નાનું કે મોટું કોઈ પણ કામ કરનાર માણસની કામ પ્રત્યેની નિષ્ઠા જ મહત્વનો ભાગ ભજવે છે.એવું લખાણ વાંચવામાં આવ્યું હતું કે, 'પ્રેમ વગર ઘડેલો રોટલામાં મીઠાશ નથી હોતી'. શિક્ષકમાં પ્રેમતત્ત્વ હશે તો વિદ્યાર્થી જરૂર એના તરફ આકર્ષાશે વળી, કેવળ પ્રેમ નહીં ચાલે. પોતાના વિષયનું ઊંડાણલક્ષી જ્ઞાન હોવું અનિવાર્ય છે. પોતાના વિષયની સાથે સાથે અન્ય વિષયોનું અને જીવન તથા જગત વિશેનું પૂરતું જ્ઞાન હશે તે શિક્ષક પૂર્ણ શિક્ષક તરીકે શાળા-કોલેજ અને સમાજમાં પ્રતિષ્ઠા પામશે. પોતે પૂર્ણ છે એવું માળનાર શિક્ષક કાચો ગણાય. સાચો શિક્ષક કદી ય પૂર્ણતાનો દાવો ન કરે. વિદ્યાર્થી જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ઉત્સુક હોય છે. ઉત્સુક જ્ઞાનપિપાસુ વિદ્યાર્થીને જ્ઞાનનું પાન કરાવવાનું પરમ કર્તવ્ય શિક્ષકનું છે.

શ્રી રંગ અવધૂત મતે શિક્ષણ દ્વિધ્રુવી પ્રક્રિયા છે. જેમાં એવુ ધ્રુવ પર શિક્ષક અને બીજા ધ્રુવ પર વિદ્યાર્થી રહેલો છે. માટે જ શિક્ષણ પ્રક્રિયામાં શિક્ષક અને વિદ્યાર્થી બન્નેનું સ્થાન અગત્યનું છે. શ્રી રંગ અવધૂત માનતા હતા કે શિક્ષકે હંમેશા વિદ્યાર્થીભાવમાં રહેવું જોઈએ. જે જ્ઞાન આપનાર છે તેણે વધુમાં વધુ જ્ઞાન પ્રાપ્ત કરવાના પ્રયાસો કરવા તે જે શિક્ષક અને શિક્ષણ તથા સમાજ ત્રણેયના હીતમાં છે. પોતાની પાસે જ્ઞાન મેળવવા માટે આવનાર વિદ્યાર્થીમાં ઉદાત્ત ભાવનાઓ પ્રગટે અને ખીલે તેનો ખ્યાલ શિક્ષકે રાખવાનો છે. વિદ્યાર્થીના હૃદયમાં પડેલા ઉત્તમાંશો કુશળતા પૂર્વક બહાર લાવવાના છે. વિદ્યાર્થીઓનાં જીવનમૂલ્યો વિકસાવવાનું ભગીરથ કાર્ય શિક્ષકે કરવાનું છે. વિદ્યાર્થીનું જીવન ઉર્ધ્વગામી બને, તેનો જીવનવિકાસ થાય, સદાચાર જન્મે, શારીરિક માનસિક-નૈતિક અને આધ્યાત્મિક દ્રષ્ટિએ વિદ્યાર્થી વધારે મજબૂત બને અને એમ એનો પૂર્ણ વિકાસ થાય તેવા હેતુઓને શિક્ષકે નજર સમક્ષ રાખવા જોઈએ. માત્ર અભ્યાસક્રમ પૂરો કરવાનો નથી પણ જીવનક્રમ પણ પોતાના દ્વારા પૂર્ણ થાય તેવો દ્રઢ નિર્ધાર શિક્ષકે કરવો જોઈએ. ફકત વિદ્યાર્થીનું જ મૂલ્યાંકન કરીને બેસી રહેવાને બદલે સમયાંતરે શિક્ષકે પોતાનું ય મૂલ્યાંકન કરતા રહેવું જોઈએ. જ્ઞાનની અનંત ક્ષિતિજો પ્રત્યેક શિક્ષક પામે અને પોતાના સંગમાં આવનારને પમાડે તેવી નવા વર્ષની શુભભાવના માત્ર અરણ્ય રૂદન કરીને બેસી રહેવાને બદલે ચાલો, કર્તવ્યની કેડીને રાજમાર્ગ બનાવવાનો સંકલ્પ કરીએ.

કેટલાંક વર્ષો પૂર્વે શિક્ષણ એક અનુત્પાદક પ્રવૃતિ છે તેવો ખ્યાલ પ્રવર્તતો હતો ને એ કારણે રાષ્ટ્રની નીતિઓ ઘડવાના સમયે અને એ નીતિઓ માટે નાણાં ફાળવવાની જોગવાઈ કરતા સમયે એને કોઈ વિશેષ મહત્વ નહોતું આપવામાં આવતું. ધીરે ધીરે આ દ્રષ્ટિકોણમાં પરિવર્તન આવ્યું છે. આજે તો આ વિચારોના સાવ સામા છેડે વિચારાઈ રહયું છે. સમાજ કે રાષ્ટ્રના એકેએક ક્ષેત્રના વિકાસ માટે શિક્ષણ એક મહત્વનું સાધન છે. તેમ સ્વીકારવામાં આવ્યું છે અને દ્રઢ પણે માનવા-મનાવવામાં આવી રહયું છે. માણસ રાષ્ટ્રની મૂડી છે. આ માનવમૂડીને વધારે યોગ્ય, વધારે દક્ષ, વધારે કાર્યક્ષમ બનાવવા માટે પ્રયત્નો કરવામાં ન આવે તો રાષ્ટ્રની પ્રગતિની ગતિ ધીમી પડી જાય તે સત્ય સ્વીકારાયું છે. રાષ્ટ્રના સાંસ્કૃતિક, સામાજીક અને આર્થિક વિકાસમાં શિક્ષણની ભૂમિકા ઘણી મહત્વની છે. સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓ સમયાંતરે ઘડવામાં આવી અને એનો અમલ કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા. સાંપ્રત સમયમાં કેટલી અને કેવા પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ છે, અને ભવિષ્યમાં કેટલી અને કેવા પ્રકારની સુવિધાઓની જરૂર ઊભી થશે તેનો

અભ્યાસ કરવા માટે યોજનાઓ આવી. વિશેષજ્ઞો ઊંડાણપૂર્વક શિક્ષણના તમામ પાસાઓ વિશે વિચાર વિમર્શ કરીને જરૂરી પગલાં લેવા, નિર્ણયો કરવા માટે સરકારને ભલામણ કરે છે અને સરકાર એ ભલામણોનો અમલ કરે છે. કયારેક એવું ય બને છે કે, આ યોજનાઓ કાગળ ઉપર રહી જાય!! એની પાછળ અનેકવિધ કારણો રહેલાં હોય છે પણ જેનો અમલ થાય છે તેવી શૈક્ષણિક યોજનાઓ કેવળ સરકારી ફરમાનથી જ ફળિભૂત થાય એવું ન બને, સરકાર નીતિ ઘડે, આદેશ કરે, માર્ગદર્શન આપે પણ એ નીતિ કે આદેશોનું અપેક્ષા મુજબનું પરિણામ ત્યારે જ મળે જ્યારે જેમના દ્વારા એનો વાસ્તવિક અમલ થવાનો હોય તેના દિલમાં દીવો પ્રગટે. કાગળ પર દોરેલી નદીઓ કયારે છલકાતી નથી!! અધિકાંશ યોજનાઓ અમલ કરનારાઓની અકર્મણ્યતાને લીધે બાષ્પિભૂત થઈ જતી હોય છે તેવું જોવા મળે છે. કેલેન્ડરની રજાઓ, ઘડીયાળના કાંટાઓ, બસ કે ટ્રેનના ટાઈમટેબલ કે પગારસ્લીપના આંકડાઓ પર સતત ખોડાયેલી રહેતી નજરનો માલિક ભલભલી યોજનાઓની હવા કાઢી નાખવા સમર્થ હોય છે. સરકાર કે સમાજ પાસેથી માત્ર અપેક્ષા રાખતો અને ફરજની ઉપેક્ષા કરનારો માણસ માનસિક રોગીની યાદીમાં મૂકાવો નોંધાવો જોઈએ. આવા માનસિક રોગીઓ ખરા અર્થમાં સમાજનું દૂષણ છે. પૂજ્ય રવિશંકર મહારાજ કહેતા કે 'જાત ઘસીને ઉજળા થઈએ.' જાત ઘસીને ઉજળા થવા ઈચ્છતા માણસો જ સમાજની સાચી મૂડી છે. આ મૂડી ઘટે ત્યારે સમજવું કે રાષ્ટ્ર હવે પતનના માર્ગે છે.

આપણી મોટી મુશ્કેલી મને જે લાગે છે તે એ કે આપણે કયારેક બેવડાં ધોરણો અપનાવીએ છીએ. વિચારનું ધોરણ એક અને આચરણનું ધોરણ સાવ જ બીજું, આપણાં ઘરે કામ કરનારા માણસ પાસેથી તે સમયસર આવે અને જાય, તેને સોંપવામાં આવેલ કામમાં કશીય કચાશ ન રાખે, નીતિ જાળવે, ચીવટપૂર્વક કામ કરે વગેરે વગેરે આશા અપેક્ષાઓ રાખીએ છીએ પરંતુ બીજાનું કામ આપણે કરતા હોઈએ ત્યારે આપણે છટકબારીઓ શોધીએ છીએ. શ્રધ્ધાથી અનુપ્રાણિત થઈને આપણે કર્મ કરીએ. યોગના ચાર અંશોમાંનો એક અંશ છેઃ योग कर्मसु कौशलम् – યોગ એટલે કર્મકુશળતા. યોગના આ અર્થને આપણે આપણા જીવનમાં વણી લઈએ તો આપણું સઘળું જીવન આનંદમાં પલટાઈ જશે.

તા. ૩૦ જુન, ૨૦૧૪

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ


## વિદાય સમારોહ





યુનિવર્સિટીના વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓનો વિદાય સમારંભ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરની અધ્યક્ષતામાં તા. ૧૨/૬/૧૪ના રોજ સેનેટ હોલમાં યોજાઈ ગયો. જેમાં કુલસચિવશ્રી ડૉ. જે. આર. મહેતા સહિત યુનિવર્સિટી પરિવાર ઉપસ્થિત રહયાં હતા. અધ્યક્ષસ્થાનેથી કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે વિદાય થતા પરિવારના સભ્યશ્રીઓની સેવાઓને બિરદાવીને તેમને શુભેચ્છાઓ પાઠવીને પ્રાસંગિક પ્રેરક પ્રવચન આપ્યું હતું. કુલસચિવશ્રી ડો. જે. આર. મેહતાએ પોતાના પ્રવચનમાં તેમની સેવાઓની નોંધ લઈને યુનિવર્સિટીએ જે પ્રગતિ કરી છે તેમાં તેમનો ફાળો અનન્ય રમ્યો છે તેમ જણાવીને શુભેચ્છાઓ પાઠવી હતી. કર્મચારી મંડળના પ્રમુખશ્રી એફ. એન. વસાવાએ તેમના ઉદ્‌બોધનમાં વિદાય થતા કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન આસિસન્ટ રજીસ્ટ્રાર શ્રી પી.સી. બચરવાલાએ કર્યું હતું.

નિવૃત્ત થતા કર્મચારીઓ : ૧). ડૉ. પી. બહાદુર (પ્રોફેસર એન્ડ હેડ) કેમેસ્ટ્રી, ૨). શ્રી સી. આર. ચૌધરી (જુનિયર સ્ટેનોગ્રાફર) પરીક્ષા, ૩). શ્રી આર. કે. દેસાઈ (ટેકનિકલ આસિસ્ટન્ટ (ગ્રંથાલય), ૪). શ્રીમતી એલ. જે. ટીમ્મર (કાર્યાલય અધિક્ષક) પરીક્ષા, ૫). કુ. વી. એસ. દિવાનજી (કાર્યાલય અધિયક્ષ) અનુસ્નાતક વહીવટી સંકુલ, ૬). શ્રીમતી એસ. ઝેડ. પટેલ (હેડ કલાર્ક) એકેડેમિક, ૭). શ્રી કે. આર. વસાવા (સિનિયર કલાર્ક) ગ્રંથાલય, ૮). શ્રી એન. યુ. સોનાવાલા (સિનયર કલાર્ક) પરીક્ષા, ૯). શ્રીમતી એચ. આર. દેસાઈ (જુ. કલાર્ક/ટાઈપીસ્ટ) એકેડેમિક, ૧૦).શ્રી. સી. એન. ભોયા (જુ. કલાર્ક/ટાઈપીસ્ટ) રવાનગી, ૧૧). શ્રી પી. જી. ચૌધરી (લેબોરેટરી આસિસ્ટન્ટ) આંકડાશાસ્ત્ર, ૧૨). શ્રી વી. સી. પટેલ (ડુપ્લીકેટીંગ મશીનમેન) વહીવટી, ૧૩). શ્રી એ. એસ. દેસાઈ (ફોટોગ્રાફર) જર્નાલીઝમ (બાયોસાયન્સ), ૧૪). શ્રી ચંપક એસ. પટેલ (નાયક પટાવાળા) બાયોસાયન્સ, ૧૫). શ્રી એસ. એસ. જાદવ (પટાવાળા) કેમેસ્ટ્રી, ૧૬). શ્રી એન. એમ. પટેલ (પટાવાળા) ગ્રંથાલય, ૧૭). શ્રી આર. બી. સોલંકી (સ્વીપર પટાવાળા) બાંધકામ, ૧૮). શ્રી બી. એલ. રાજપૂત (પટાવાળા ચોકીદાર) ગ્રંથાલય.









## Visit

On 26th May 2014, delegates from University of Cartegena, Spain visited Veer Narmad South Gujarat University at the main administration building in room no. 205 at 2:30 p.m. to initiate students exchange programme between departments of architecture of both the universities. This is a result of MOU signed between both the universities during last Vibrant Gujarat Meet. In the presence of Dr. Dakshesh Thakar (Vice Chancellor, VNSGU, Surat.), Dr. J. R. Mehta (Registrar, VNSGU, Surat.), Prof. R. D. Desai (Hon. Director of GCPIA), Prof. Shivarao Channapattan (Co-ordinator of GCPIA), Shri. Sanjay Desai (Syndicate Committee Member, VNSGU, Surat.) Mr. Rohit Mehta (Representative of Chamber of Commerce) & delegates from University of Cartegena, Mr. Mahendra Mistry, Ms. Beatriz Marine & Mr. Antonio Durendez.

It was mutually agreed to commence the exchange programme of students from A.Y. 2015-16. In this regard University of Cartegena will submit their final proposal in the month of June 2014 based on which final agreement will be made. This exchange programme will help student to gain global knowledge and exposure to international architectural practices.

## Ph.D.

A list of Theses accepted by Veer Narmad South Gujarat University, Surat during October 2012 to January 2013.

**ECONOMICS**

1 Chaudhari, Sanjaykumar V. **Garibi rekha niche jivta aadivasi jan ni ann salamati ek abhyas : Zalod taluka na sandarbh ma.** (Dr. S.Srinivasarao), Professor and Head, Department of Economics, VNSGU, Surat.

2 Kheni, Komal H. **Trends, direction and composition of India's foreign trade (1970-2008).** (Dr.Gaurang Rami), Associate Professor, Department of Economics, VNSGU, Surat.

3 Patel, Bhavanaben K. **Navrachit Tapi jilla na Nizar taluka ma deri vyavasay dwara adivasi vasti no samajik arthik vikas (Nizar taluka dudh utpadak sahkari mandali na sandarbh ma.** (Dr.A.B.Naik), Assistant Professor, Arts and Commerce College, Vyara.

4 Pathan, Dilavarkhan N. **Autoricksha chalako ni samajik-aarthik parishti : Surat saher no ek abhyas.** (Dr.Subadra Ragothaman), Ex-Professor and Head, Department of Economics, VNSGU, Surat.

**EDUCATION**

1 Soni, Anilaben N. **Dhoran-das na samajik vigyan vishay ma 'vanaspati ane vanya jiv sansadhan' ekam par computer karyakram ni rachana ane ajamayash.** (Dr. R.B.Chaudhari), Assistant Professor, Department of Education, VNSGU, Surat.

**ENGLISH**

1 Vanza, Varshabahen N. **Women's voice in indian theatre: A study of Kusum Kumar's Listen Shefali, Mahasweta Devi's mother of 1084 and Varsha Adalja's Mandodari.** (Dr. Rakesh N. Desai), Professor and Head, VNSGU, Surat.

**GUJARATI**

1 Modi, Priyankaben S. **Gujarati maa lakhayelaa Dakshin Africa naa pravas varno ek abhyas. (Aruna Chokshi krut 'Andharkhand ni aarpar' aney Rajiv Raney krut 'Dakshin Africa ni Pradakshina' naa vishesh sandarbhey).** (Dr.C.B.Modi), Assistant Professor, Navyug Arts College, Surat.

2 Patel, Yogeshbhai S. **Rajkaraniya vastu nu aalekhan karti navalkatha tarikey 'Gandhi ni Kavad' : Harindra Dave tatha 'Mukhyamantri' : Vishnu Pandya ek adhyayan.** (Dr. S.V.Patel), Assistant Professor, Sgri S.G.Patel Arts and Shri P.K.Desai Commerce College, Nizar.

**HINDI**

1 Parmar, Hetalkumari J. **Jagadishchandra krut upanyas "Kabhi Na Chhodey Khet": Ek adhyayan.** (Dr.B.V.Jadhav), Assistant Professor, M.T.B.Arts College, Surat.

2 Patel, Archanabahen J. **'Uttarkatha' pratham aur dvitaya khand upanyas kaa aalochanatmak adhyayan.** (Dr.P.P.Desai), Assistant Professor, Shri V.S.Patel College of Arts and Science, Bilimora.

3 Vasava, Anandbhai D. **Ramdarash Mishra ke upanyasho me parivarik chetna.** (Dr. K.H.Tadvi), Principal, Arts and Commerce College, Khergam.

**HISTORY**

1 Tandel, Dharmeshkumar N. **Navsari Jilla naa kantha vistar na machhimaro na gaamo maa swadhyay pruvruti dwara aavel samajik-shaikshnik aney aarthik parivartan: Ek aitihashik adhyayan.** (Dr.H.C.Patel), Principal, J.P.P.Arts and Commerce College, Killa Pardi.

**MANAGEMENT**

1 Patel, Mayur M. I**mpact of union budgets on stock market index (NIFTY) and stock price of select scrips.** (Dr.M.V.Sidhpuria), Professor, DBIM, VNSGU, Surat.

2 Shah, Drashti J. **Comparison of long term performance of initial public offerings (IPOs).** (Dr.Munira Habibullah), Associate Professor, DBIM, VNSGU,Surat.

**MATHEMATICS**

1 Choksi, Bhumika G. **Analytical solution of flow problems through integral transform techniques.** (Dr.P.H.Bhathawala), Ex.Professor and Head, Department of Mathematics, VNSGU, Surat.

2 Khanna, Parul R. **Multi-objective transportation problem's issues, solution and applications.** (Dr.J.M. Dhodiya), Assistant Professor, Government Engineering College, Surat.

3 Prajapati, Maheshkumar C. **Numerical Grid generation and its application to real world problems.** (Dr.K.B.Pateil), Assistant Professor, Department of Mathematics, VNSGU, Surat.

4 Prajapati, Mitesh A. **Laplace transform and its advance applications.** (Dr.M.G.Timol), Professor, Department of Mathematics, VNSGU, Surat.

**MICROBIOLOGY**

1 Gamit, Madhuriben K. **Comparison of rapid field immunochromatographic tests to expert microscopy in diagnosis of malaria.** (Dr. Ratna Trivedi), Assistant Professor, SRICEAS, Surat.

2 Hirani, Sunita R. **Prevalence of human immunodeficiency virus (HIV) hepatitis B virus (HBV), and hepatitis C virus (HCV) amongst injection drug users of Surat city.** (Dr.J.S. Vasi), Sarvajanik Medical Trust, Rampura.

3 Patel, Jitenkumar J. **The study of drug sensitivity pattern of acinetobacter baumannii complex.** (Dr.J.S. Vasi), Sarvajanik Medical Trust, Rampura.

**PHYSICS**

1 Patel, Jaiminkumar J. **Electical resistivity of some liquid binary alloys using pseudopotential theory.** (Dr.P.B.Thakor), Associate Professor, Department of Physics, VNSGU, Surat.

2 Shastri, Nipaben M. **Study of different embedded system development tools.** (Dr.V.G.Joshi), Associate Professor, Department of Physics, VNSGU, Surat.

**PSYCHOLOGY**

1 Mayatra, Dipti K. **Bharuch Jilla ni uchha madhyamik shaala maa abhyas karta vidhyarthiyoni Vigyan vishayak abhiruchi no tulanatmak abhyas.** (Dr. B.B.Dhivar), Associate Professor, Shree Jayendrapuri Arts and Science College, Bharuch.

2 Trivedi, Archanabahen A. **Ankaleshwar Nagar ni madhyamik aney uchchtta madhyamik shaalaomaa abhyas karta taruno ni samashyano tulanatmak abhyas.** (Dr. B.B.Dhivar), Associate Professor, Shree Jayendrapuri Arts and Science College, Bharuch.

3 Vanza, Sharda V. **Navsari saher na shala ma abhyas karta taruno ni pariksha chinta, pratyakshikrut uchher ane vyaktitva guno no tulnatmak abhyas.** (Dr.B.B.Dhivar), Associate Professor, Shree Jayaendrapuri Arts and Science College, Bharuch.

**SANSKRIT**

1 Patel, Archanakumari D. **Rugved Mandal chh maa bhaktitatva vicharna: Ek adhyayan (Naradbhaktisutra naa vishesh sandarbh sathey).** (Dr. R.M.Trivedi), Assistant Professor, Z.F.W.W.College and N.K.J.College of Commerce, Surat.

2 Vaidya, Reshma A. **Agniveshmuni krut 'Ramayansaar': nee bey hastaprato no tulanatmak abhyas path sampadan, anuwad aney prastavana.** (Dr. Nina Bhavnagari), Assistant Professor, M.T.B.Arts College, Surat.

**STATISTICS**

1 Sutariya, Rutulkumar T. **A statistical study of economical condition of diamond brokers in Surat city.** (Dr. N.C.Shah), Ex.I/c.Principal, S.S.B.G.Arts and P.K.P.College of Commerce, Navsari.

# કોલેજ ન્યૂઝ

## વ્યાખ્યાન

એમિટી બી. એડ્. કોલેજ, ભરૂચમાં "આવ શબ્દની પાસે" અંતર્ગત તાઃ ૨૬/૩/૧૪ના રોજ યોજાયેલ રસપાન કાર્યક્રમમાં કવિશ્રી કૃષ્ણ દવેએ વિવિધ કવિતા, ગઝલ, કાવ્ય દ્વારા વાર્તા કથન તેમની વિશિષ્ટ શૈલીમાં રજૂ કર્યા હતાં. વધુમાં તેમણે કાવ્ય અને વાર્તા કેવી રીતે ભણાવવી તેની ચર્ચા કરીને પ્રશ્નોત્તરી કરી હતી.

## ઉજવણી

વિશ્વ હોમિયોપોથીક દિન અને હોમિયોપોથીક સારવાર પધ્ધતિના પ્રણેતા ડૉ. સેમ્યુઅલ હનેમનની ૨૫૯મી જન્મ જયંતિ નિમિત્તે સી. એન. કોઠારી હામિયોપેઠીક મેડીકલ કોલેજ અને રીસર્ચ સેન્ટર, વ્યારા સંચાલિત કાળીદાસ હોસ્પિટલ અને છોટાલાલ વીરચંદ સોલંકી પરીફરેલ ડીસ્પેન્સરીઝ દ્વારા કાળીદાસ હોસ્પિટલ અને જૈનવાડી વ્યારા ખાતે વિનામૂલ્યે હોમિયોપેથીક નિદાન અને સારવાર કેમ્પ તા.૧૦/૪/૧૪ના રોજ યોજવામાં આવ્યાં હતા. આ કેમ્પનું ઉદ્‌ઘાટન સંસ્થાના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ દેસાઈએ કર્યું હતું અને તેમણે બીમારીમાં આડઅસર ન થાય અને નુકશાનકારક ન હોય તેવી ખૂબજ નજીવી કિંમતની ગરીબોને પોષાય તેવી હોમિયોપેથીક દવાનો વધુ ઉપયોગી કરવા દર્દીઓને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી શ્રી દિનેશભાઈ ભટ્ટ અને શ્રી હસમુખભાઈ વગેરે હાજર રહયા હતા. આ કેમ્પમાં જુદા જુદા રોગોના બીમાર અને ગરીબ દર્દીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ દર્દીઓને ડૉ. મહાવીર ઘીયા, ડૉ. લતાબેન નિંગૂ, ડૉ. સ્વપ્નીલ પરદેશી તથા ડૉ. જયંતિલાલ જૈને તપાસીને વીનામૂલ્યે દવા આપી હતી. આ કેમ્પમાં ડૉકટરની વિદ્યાર્થીઓએ દર્દીઓને હોમિયોપેથીક દવા વિશે માર્ગદર્શન આપી જાગૃતિ અભિયાન ચલાવ્યુ હતું. આ કાર્યક્રમનું આયોજન

આચાર્યા ડૉ. જ્યોતિબેન રાવના માર્ગદર્શન હેઠળ ડૉ. પિયુશ ગુજરાથી તથા શ્રી શૈલેષભાઇ દેસાઇએ કર્યુ હતું. કેમ્પની તમામ વ્યવસ્થા કેમ્પસ એડમીનીસ્ટ્રેટર શ્રી દક્ષેશ શાહે સંભાળી હતી.

સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક એન્ડ હોસ્પિટલ, સુરત ખાતે તા. ૧૦/૪/૧૪નાં રોજ હોમિયોપેથી પધ્ધતિના અને સ્થાપક માસ્તર હનેમનની ૨૫૯મી જન્મ જયંતિ કવિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્ય શ્રી કશ્યપભાઇ ખરચીયા ઉપસ્થિત રહયા હતા. સંસ્થાના ચેરમેનશ્રી ડૉ. દશરથ પચ્ચીગર તથા ઈ.ચા. પ્રિન્સપાલ ડૉ. વિપુલ શાસ્ત્રીએ વકતવ્ય આપ્યી હતું.કવિઝમાં 'બોનિંગ હસનગૃપ' એ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડની લાયબ્રેરી સમિતિના ઉપક્રમે ત. ૨૩/૪/૧૪ના રોજ ''વિશ્વ પુસ્તક દિન'' ની ઉજવણી કરવામાં આવી. તે નિમિત્તે કોલેજની લાયબ્રેરીમાં ઉદ્‌ઘાટકશ્રી શ્રીમતી જે.પી.ઓફ આર્ટસ કોલેજના આચાર્યશ્રી ડો. ઘનશ્યામભાઇ બુટાણીએ દીપપ્રાગટ કરીને પ્રદર્શન ખુલ્લુ મૂકતાં વિશ્વ પુસ્તક દિનની ઉજવણીનો ઉદ્દેશ અને મહિમાની શ્રોતાઓને જાણકારી આપી હતી.આ પ્રસંગે યજમાન કોલેજના શૈક્ષણિક વહીવટી સ્ટાફના સભ્યો, તથા શાહ.કે.એમ. લો કોલેજના અધ્યાપકો તથા વહીવટી સ્ટાફના સભ્યો તથા શહેરના પુસ્તકપ્રેમીઓ સંખ્યામાં હાજર રહયા હતા.

## વિદાય સમારંભ

કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડના વર્ષ ૨૦૧૩/૧૪ના વિદ્યાર્થીઓના વિદાય સમારંભમાં યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા શ્રી ડૉ. જગદીશ ગૂર્જરે સાહિત્યક શૈલીમાં જણાવ્યું હતું કે 'શિક્ષકે, શિક્ષક બની રહેવું જોઇએ. કાર્યક્રમની શરૂઆતમાં શ્રી. ડૉ. પ્રફુલસિંહ રાજે સૌને આવકારીને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું. તાલીમાર્થીઓએ પ્રતિભાવો રજૂ કર્યા હતા. કોલેજની વિવિધ પ્રવૃતિઓમાં સિદ્ધિઓ મેળવનાર વિદ્યાર્થીઓને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ તા.૧૫/૩/૧૪ના રોજ યોજવામાં આવ્યો હતો. પ્રિ. ડૉ. જે. એમ. નાયકે ઉજ્જવળ કારકિર્દીના ઘડતર માટે ઉમદા માર્ગદર્શન પુરૂં પાડયું હતું.

## એન.એસ.એસ.

આટ્‌ર્સ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોંઢાના N. S. S. વિભાગ દ્વારા તા.૬/૪/૧૪ના રોજ કપરાડા તાલુકાના પેંઢારદેવી ગામમાં ''ગૌદાન'' યોજાયો. શ્રી લાલજી વેલજી શાહ (એંકરવાળા) વલસાડ પાંજરાપોળ તથા ગૌશાળાના ટ્રસ્ટીશ્રી અનિષાભાઇ શેઠિયાના સહકારથી મંડળના સભ્યશ્રી મનસુખભાઇ ઠુમરની રાહબરી હેઠળ N. S. S. પ્રોગ્રામ ઓફિસર ડૉ. આશા કે. ગોહિલ તથા શ્રી એસ. બી. પટેલના અધ્યક્ષપણા હેઠળ ગૌવંશના ૨૦ વાછરડીનું વિતરણ ૫૩ લોકોને કરવામાં આવ્યું.

## મુલાકાત

શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજ, સુરતના સ્ટાફગણ અને તાલીમાર્થીઓએ તા. ૨૮-૨-૧૪ના રોજ ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઉમરગામની મુલાકાત લીધી હતી. જેમાં તાલીમાર્થીઓએ નાટક, ડાન્સ વગેરેની રજૂઆત કરી હતી.

## પીએચ. ડી.

જે. પી. પારડીવાલા આર્ટસ-કોમર્સ કોલેજ, કિલ્લાપારડીના પ્રા. જી. ડી. પટેલે "AN ACHIEVEMENT MOTIVATION STUDY HABITS AND ACADEMIC ANXIETY OF SCHOOL GOING STUDENT" વિષય ઉપર પ્રો. ડૉ. પ્રજ્ઞાબેન દેસાઇ (અધ્યક્ષ મનો વિજ્ઞાન વિભાગ સદ્‌ગુણા ગર્લ્સ કોલેજ અમદાવાદ) ના માર્ગદર્શન હેઠળ સિંઘાનિયા યુનિ. રાજસ્થાનમાંથી પી.એચ.ડી. ની પદવી પ્રાપ્ત કરેલ છે.

શ્રી વનરાજ આર્ટસ-કોમર્સ કોલેજ, ધરમપુરનાં પ્રા. પારૂલ એસ. નાયકે "AN ADJUSTMENT, ACADEMIC ANXIETY AND EDUCATIONAL PROBILEMS AMONG TRIBAL AND NON TRIBAL STUDENTS" વિષય ઉપર પ્રો. ડૉ. પ્રજ્ઞાબેન દેસાઇ (અધ્યક્ષ મનો વિજ્ઞાન વિભાગ સદ્‌ગુણા ગર્લ્સ કોલેજ અમદાવાદ) ના માર્ગદર્શન હેઠળ સિંઘાનિયા યુનિ. રાજસ્થાનમાંથી પી.એચ.ડી. ની પદવી પ્રાપ્ત કરેલ છે.

## ઈનામ વિતરણ

નવસારી ખાતે આવેલ એસ. એસ. અગ્રવાલ કોલેજમાં વાર્ષિકસ્નેહ સંમેલન ૨૦૧૪, પહેલા વર્ષના નર્સિંગના વિદ્યાર્થીઓની શપથ-ગ્રહણ વિધિ, ઈનામ વિતરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નવસારીના ધારાસભ્યશ્રી પીયુશભાઇ દેસાઇ પ્રમુખપદે હાજર રહયા હતા. મુખ્ય અતિથિ તરીકે યુનિવર્સિટીના સિન્ડીકેટ સભ્યશ્રી ડૉ. ઘનશ્યામભાઇ રાવલ અને અતિથિ વિશેષ તરીકે એન. એચ. શાહ કોમર્સ કોલેજ, વલસાડના આચાર્યશ્રી અને યુનિવર્સિટીના સિન્ડીકેટ સભ્ય ડૉ. જે. એમ. નાયક અને સંસ્થાના પદાધિકારીઓ ઉપસ્થિત રહયા હતા. ઈન્ચાર્જ આચાર્યશ્રી વૈશાલીબેન પારેખે વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. તેજસ્વી વિદ્યાર્થીઓ અને વિવિધ રમતવીરોને તેમની સિધ્ધિ બદલ સર્ટિફિકેટ અને ટ્રોફી આપીને સન્માનિત કર્યા હતા. શ્રી પિયુષભાઇ દેસાઇએ સંસ્થાને નર્સિંગ અને ફીઝીયોથેરાપી જેવી વિદ્યાશાખાઓ નવસારીમાં લાવવા માટે અભિનંદન પાઠવ્યા હતા. શ્રી ઘનશ્યામભાઇ રાવલે કોલેજનાં સંચાલકોને નવસારીને પોતાની કર્મભૂમિ બનાવી, સાત વર્ષના ગાળામાં આટલી બધી વિદ્યાશાખાઓ દ્વારા શિક્ષણની સુવાસ ફેલાવવા બદલ બિરદાવ્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો.

એ.વી.પટેલ કોમર્સ કોલેજ બીલીમોરામાં તા.૧૩/૩/૧૪ના રોજ ૨૦૧૩-૧૪ના વર્ષનો વાર્ષિક ઈનામ વિતરણ સભારંભ શ્રી રંગશિક્ષણ મહાવિદ્યાલય બીલીમોરાના નિવૃત પ્રા. શ્રી પ્રવીણભાઇ ગીલીટવાળા પ્રમુખ સ્થાને, પ્રા. શ્રીમતી નલીનીબેન ગીલીટવાળા મુખ્ય મહેમાન તથા રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ વાપીના પ્રા. ડૉ. શ્રીમતી રશ્મિબેન મહેતાના અતિથિ વિશેષપદે યોજાયો હતો. વર્ષ દરમ્યાન વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ તથા સપ્તધારા હેઠળ વિવિધ પ્રવૃતિઓમાં ઈનામ મેળવનાર તથા પ્રથમવર્ગ મેળવનાર વિદ્યાર્થીઓને મહેમાનો તથા આચાર્યના હસ્તે ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. આચાર્યા ડૉ. શ્રીમતી ભારતીબેન પંચોલીએ વર્ષ દરમ્યાન થયેલ પ્રવૃતિઓ અંગે દ્રશ્ય-શ્રાવ્ય માઘ્યમ દ્વારા માહિતી આપી હતી તથા વિદ્યાર્થીઓને સફળતા પ્રાપ્ત કરવા શુભેચ્છા પાઠવી હતી.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં યુનિવર્સિટીમાં, ઝોન, રાજય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ ઝળકેલા વિદ્યાર્થીઓને સન્માનવા તથા યુનિવર્સિટી પરીક્ષામાં ઉચ્ચ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને સન્માનવાનો એક કાર્યક્રમ વિદ્યાર્થી સંઘના પ્રમુખ પ્રિ. ડૉ. જે.એમ. નાયકના અધ્યક્ષપદે તથા વલસાડ વિભાગના પૂર્વ

ધારાસભ્ય શ્રી દોલતભાઈ દેસાઈ તથા મેડીકલ ફેકલ્ટીના ડીનશ્રી ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણના મહેમાનપદે યોજાયો હતો. આ પ્રસંગે બોલતા પ્રિ. ડૉ. જે.એમ. નાયકે અનેકવિધ પ્રવૃત્તિઓમાં સ્થાનિક કક્ષાથી લઈને રાષ્ટ્રીય કક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને કોલેજનું ગૌરવ ગણાવી વ્યકિતત્વ વિકાસની અનેક તકો કોલેજ દ્વારા પૂરી પાડવામાં આવી છે તેનો ઉલ્લેખ કર્યો હતો. શ્રી દોલતભાઈએ યુવાનો માટે આ દેશને ખૂબ અપેક્ષાઓ છે તેમ જણાવી રાષ્ટ્ર નિર્માણમાં લાગી જવા યુવાનોને હાકલ કરી હતી. ત્યારબાદ મહેમાનોના હસ્તે ત્રણસો ઉપરાંત વિજેતા ઉમેદવારોને ઈનામ તથા સ્કોલરશીપ વિતરીત થયા હતા. આ પ્રસંગે મહેમાનોના હસ્તે ગત વર્ષે નિવૃત્ત થયેલા અધ્યાપક પ્રા. ડી.આર. પરીખનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી સંઘના ઉપપ્રમુખ પ્રા. ટી.જી. પટેલે મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. જી.એસ. શ્રી સંજય ખટ્ટરે કોલેજને સ્મૃતિભેટ આપી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. કે.આર. ભાવસાર તથા આભારવિધિ પ્રા. ડૉ. ડી.જી. ઠાકોરે આટોપી હતી.

## સમારોહ

બી. જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં વર્ષ ૨૦૧૩/૧૪ના તાલીમાર્થીઓનો દીક્ષાંત સમારોહ અને "પાથેય" વિમોચનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આચાર્ય ડૉ. કિન્નરીબેન પટેલે મહેમાનોને આવકાર આપી શિક્ષક બનવા જઈ રહેલ તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમ પી. આર. બી. આર્ટસ એન્ડ પી. જી. આર. કોમર્સ કોલેજ, બારડોલીના આચાર્ય શ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ ઉપસ્થિત રહયા હતા. તેમના હસ્તે "પાથેય" નું વિમોચન કરાવામાં આવ્યુ હતું. તેમણે તાલીમાર્થીઓને દીક્ષાંત પ્રવચન આપતા આગવી વાક્છટામાં જણાવ્યુ હતું કે શિક્ષકનો વ્યવસાય છે. તમે પણ આદર્શ શિક્ષક બની સમાજમાં મોભાનું સ્થાન પ્રાપ્ત કરજો ત્યારબાદ ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ તાલીમાર્થીઓને આર્શિવચનો પાઠવ્યા હતા. આ પ્રસંગે ટ્રસ્ટના શ્રી ભરતભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા.

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન (એમ.એડ્.)માં પાંચમો ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ 'આવકાર' નું આયોજન તા.૨૦/૪/૧૪ના રોજ થયું. આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રષ્ટી મંડળના સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા. ઈન્ચાર્જ આચાર્ય નિહારિકા પટેલે શાબ્દિક સ્વાગત કર્યું હતું. તથા આવકારના મંત્રી શ્રી જીજ્ઞેશ કંથારિયાએ ઉદ્‌બોધન કર્યું હતું. રજીસ્ટ્રાર ડૉ. એ. એન. ઠાકરે વિદ્યાર્થીઓને આર્શિવચન આપ્યા હતા. તથા તેમના હસ્તે ગતવર્ષના વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યા હતા. આ પ્રસંગને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો તથા હાજરીથી શોભાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી નિકિતા સી. પટેલે કર્યું હતું.

અંકલેશ્વર સ્વામી નારાયણસ્વરૂપ બી. એડ્. કોલેજ અને સ્વામી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રી કોલેજ ઓફ કોમર્સનો વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ સમારંભ ચિલ્ડ્રન થિયેટર જી. આઈ. ડી. સી. ખાતે યોજાઈ ગયો આ પસંગે અતિથિ વિશેષ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની શિક્ષણ વિદ્યાશાખાનાં ડિનશ્રી ડો. પ્રફુલ્લસિંહ જે. રાજ મેનેજીગ ટ્રસ્ટીશ્રી સ્વામી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજી, ટ્રસ્ટીશ્રી કિશોરભાઈ પાનસુરિયા, શાસ્ત્રી જયસ્વરૂપદાસજી, ડૉ. કૃણાલભાઈ પંચાલ તેમજ આચાર્ય ડૉ. કૌહાલભાઈ પારેખ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત ડૉ. પ્રફુલ્લસિંહ રાજે વિદ્યાર્થીઓને શિક્ષણ તરીકેની કારકિર્દી ઉત્તમ બનાવવા પ્રેરક પ્રવચન આપ્યું હતું. સ્વામી શ્રી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજીએ આશીર્વચન પાઠવ્યા હતા. સ્વામી જયસ્વરૂપદાસજીએ વિદ્યાર્થીઓને સાચા માણસની માનવતા અને શિક્ષકનાં દરજજાની ગરિમા સમજાવી હતી. આ પ્રસંગે મેનેજીંગ ટ્રસ્ટીએ ડો. પી.જે.રાજને મોમેન્ટો અને ફુલહારથી સ્વાગત કર્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં સમગ્ર વર્ષ દરમ્યાન યોજાયેલી વિવિધ પ્રવૃતિઓ, શૈક્ષણિક દેખાવ અને વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ ક્રમ મેળવેલા ટ્રોફી અને પ્રમાણપત્રો દ્વારા સન્માનિત કરાયા હતા. ઈનામ વિતરણ કાર્યક્રમ બાદ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમની રજુઆત કરવામાં આવી હતી. કાર્યક્રમનાં અંતે વર્ષ દરમ્યાનનાં સંસ્મરણોની ઝલક દર્શાવતા વીડીયો દ્વારા અેહવાલ અપાયો હતો.

ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતમાં તા. ૨૪૩/૧૪ના રોજ વાર્ષિક ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે હિમસન ગૃપનાં ડિરેકટરશ્રી રજનીકાંત એસ. બચકાનીવાલા અને પ્રમુખ તરીકે સ્થાનિક વહીવટી સમિતિનાં અધ્યક્ષ શ્રી એસ. એ. રાવલ, હાજર રહયા હતા. અતિથિ આવકાર તથા વાર્ષિક અહેવાલનું વાચન ઈન્ચાર્જ આચાર્ય શ્રી બંટી કે. શાહે કર્યું હતું વિવિધ સમિતિના અધ્યક્ષ દ્વારા તેમની પ્રવૃતિઓને અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. આ સમારોહમાં રમતગમત, શિક્ષણ અને સાંસ્કૃતિક ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ બદલ મેહમાન શ્રી રજનીકાંત એસ. બચકાનીવાલાના વરદહસ્તે વિદ્યાર્થીઓને મેડલો, ટ્રોફીઓ અને પ્રમણપત્રો આપવામાં આવ્યા હતા. તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક રચનાઓ કજુ કરવામાં આવી હતી.

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન (એમ.એડ્.)માં શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ ના તાલીમાર્થીઓ તથા અધ્યાપકો દ્વારા વર્ષ દરમિયાન થેયેલા અનુભવો આપ-લે સાથે વર્ષ દરમ્યાન સહઅભ્યાસિક પ્રવૃતિઓ માટે સર્ટીફીકેટ તાલીમાર્થીઓને આપવામાં આવ્યું હતું. ઈચા. આચાર્ય નિહારીકા પટેલ અને અધ્યાપકોએ તાલીમાર્થીઓને પ્રોત્સાહન તથા આર્શિવચનો આપ્યા હતા.

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યકેશન, (એમ. એડ્.) માં વાલી-શિક્ષક મંડળ "આત્મીય" નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઈ.ચા.આચાર્યા નિહારિકા પટેલ શાબ્દિક સ્વાગત કર્યું હતું. પ્રાસંગિક ઉદ્‌બોધન સંસ્થાના રજીસ્ટ્રારશ્રી ડૉ. એ. એન. ઠાકરે કર્યું હતું.

## રોજગાર

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડના ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે તા.૧૬/૪/૧૪ના રોજ કોલેજના મલ્ટીમીડીયા હોલમાં વિદ્યાર્થીઓની કારકિર્દીનાં ઘડતરમાં મદદરૂપ થવાનાં પ્રયાસરૂપે કોલેજનાં કેરિયર ગાઈડન્સસેલ અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. સેમીનારમાં લક્ષ્મીવિદ્યાપીઠ, સરીગામનાં ડૉ. કેયુર નાયક તથા તેમની ટીમે MBA ની કારકિર્દી અંગે ખૂબ જ છણાવટ કરી વિદ્યાર્થીઓને સમજ આપી હતી. બીજા વકતા શ્રી ફહદ કરૂએ પ્રોફેશનલ કોર્સીસ જેવાં કે CA/CS/CMA(ICWA) અંગે તેમજ તેની તૈયારી આંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. ત્રીજા વકતા તરીકે CMI વલસાડનાં ડિરેકટર શ્રી દિપેશભાઈ શાહે વિદ્યાર્થીઓને કારકિર્દી માટેનાં ઘણા કોર્ષીસ તેમજ GPSC/UPSC/Bank વગેરે જેવી સ્પર્ધાત્મક પરીક્ષા અંગેની ખૂબ જ રસપ્રદ રીતે માહિતી આપી હતી. આ સેમીનારનું આયોજન આચાર્યશ્રી પ્રિ. ડૉ. જે. એમ. નાયકે વિદ્યાર્થીઓને જીવન ઘડતર અને કારકિર્દી બનાવવા મટે બને એવા આશયથી કરવામાં આવ્યું જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ સેમિનારને સફળ બનાવ્યો. સેમિનારમાં પ્રોત્સાહન આપવા માટે કોલેજનાં વાઈસ પ્રિન્સીપાલ પ્રો.ટી.જી. પટેલ પણ હાજરી આપી હતી. આ સેમિનરનું સંચાલન પ્રા. એમ.એ.મુલ્લાએ કર્યુ હતું. કેરિયર ગાઈડન્સ સેલ અંતર્ગત તા. ૧૭ એપ્રિલ, ૨૦૧૪ના રોજ મોક ઈન્ટરવ્યુનું આયોજન થયું હતું. વિદ્યાર્થીઓને તેમની કારકિર્દીમાં મહત્વ છે. એવા રીઝયુમ પ્રિપેરેશન

અંગે તથા "હાઉ ટુ ફેસ ઈન્ટરવ્યુ" એવા વિષય પર CMI, વલસાડના ડિરેક્ટરશ્રી દિપેશભાઈ શાહે રસપ્રદ માહિતી આપી હતી. બીજા સેશન્માં વિદ્યાર્થીઓએ ઈન્ટરવ્યુ કેવી રીતે આપવા જાઈએ તેની તાલીમ મળી રહે તે આશયથી મોક ઈન્ટરવ્યુ કરવામાં આવ્યા હતા. આ મોક ઈન્ટરવ્યુની પેનલ માટે પ્રા. અનિલ ગોયેલ, શ્રી ચેતન મોદી, શ્રીમતિ અલ્પાબેન મોદી તથા શ્રી દિપેશભાઈ શાહ બહુમૂલ્ય સેવા આપી હતી. તદુપરાંત આ પેનલ દ્વારા મોક ઈન્ટરવ્યુ પછી તેનું વિશ્લેષણ કરી સમજ આપી હતી. આ સમગ્ર મોક ઈન્ટવ્યુનો કાર્યક્રમ તદ્દન લાઈવ હતી. તમામ વિદ્યાર્થીઓ અને પેનલ સભ્યો દ્વારા ચર્ચા વિચારણા પણ થઈ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા તથા આયોજન માટે પ્રિ. ડૉ. જે. એમ. નાયકનું માર્ગદર્શન સત્તત મળી રહયું હતું. કાર્યક્રમનુ સમાપન અને સંચાલન પ્રા. એમ.એ.મુલ્લાએ કર્યુ હતું. તદ્પરાંત તા.૨૬-૪-૧૪ના રોજ વલસાડની શાહ એન.એચ.કોમર્સ પ્રિ. ડૉ.જે.એમ.નાયકના માર્ગદર્શન અને પ્રેરણાથી આઈ.સી.આઈ બેન્કનાં સેલ્સ ઓફિસર્સની પોસ્ટ માટે કેમ્પસ ઈન્ટરવ્યુ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સર્વપ્રથમ આ પોસ્ટર તથા આઈ.સી.આઈ બેંકની નોકરી શરતો અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓમાંથી પસંદગી કરવાની કાર્યવાહીનાં ભાગ રૂપે પ્રથમ તબકકામાં અંગ્રેજી પ્રોફિશીયન્સી ટેસ્ટ લેવામાં આવી હતી. જેમાંથી કેટલાંક વિદ્યાર્થીઓને પસંદ કરાયા હતા. તેઓનાં તબકકામાં પર્સનલ ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. હવે ત્રીજા તબકકામાં સુરત મુકામે આમાંથી પસંદ થયેલા વિદ્યાર્થીઓની સાયકોમટીક ટેસ્ટ લેવાયા બાદ આખરી પસંદ થયેલા ઉમેદવારને ૧ મહિનાની રેસીડન્સીયલ ટ્રેનીંગ, વડોદરા મુકામે થશે. આ તાલીમ સફળતાપૂર્વક પૂરી કરશે ત્યારે વિદ્યાર્થીઓને "સર્ટિફિકેટ ઈન રીટેલ બેન્કિગ સેલ્સ મેનેજમેન્ટ" નું પ્રમાણપત્ર આપશે. ત્યારે બે મહિના ટ્રેનીંગ રહશે જેમાં સ્ટાઈપન્ડ પણ મળશે. આ કાર્યક્રમને સફળતા પૂરો કરવા માટે આઈ ટી એમ સ્કીલ એકેટમીમાંથી વડોદરાના શ્રી હિરેન પરમાર તથા અમદાવાદથી શ્રી રવિ ચૌધરી આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. એમ. મુલ્લાએ કર્યુ હતુ.

## પુસ્તક

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડની લાયબ્રેરી સમિતિના ઉપક્રમે "પુસ્તક પરિચય હારમાળા" કાર્યક્રમ અંતર્ગત ૨૫મા વકતા તરીકે વલસાડની શ્રી બી.કે.એમ. સાયન્સ કોલેજના પ્રા. ડૉ. તખતસિંહ ગોહિલે શ્રી સુરેશ દિક્ષિત પુસ્તક "ગુજરાતની વનાસ્પતિઓ" નો પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકે વકતાને પુસ્તક પુષ્પથી આવકાર્યા બાદ પ્રા.ડૉ.તખતસિંહ ગોહિલે પુસ્તકનો સુપેરે પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન, પ્રક્રિયા અને આભારવિધિનું વહન લાયબ્રેરી સમિતિના અધ્યક્ષશ્રી પ્રા. કે.આર. ભાવસારે કર્યું હતું.

## સેમિનાર

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા.૩૦/૪/૧૪ના રોજ આચાર્યશ્રી ડૉ.જે.એમ.નાયકના માર્ગદર્શન હેઠળ કારકિર્દી માર્ગદર્શન સેલ અંતર્ગત કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કર્યુ હતું. એસ.વાય.બી.કોમના વિદ્યાર્થીઓ અત્યારથી જ પોતાની કારકિર્દી વિષયક ધ્યેય નકકી કરીને તે મુજબ વ્યવસ્થિત રીતે પોતાના અભ્યાસનું આયોજન કરી શકે તેવા હેતુથી યોજાયેલ આ સેમિનારનું પ્રાસંગિક પ્રવચન અને રીસોર્સ પ્રર્સનનો આવકાર ઉપાચાર્ય પ્રા.ટી.જી.પટેલે કર્યું હતું. આ સેમિનારના પ્રથમ રીસોર્સ પર્સન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રાહુલ પંચાલ હતા. જેમણે ખૂબ જ રસપ્રદ શૈલીમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને સીએ, સીએસ, સીએમએ જેવા કોર્ષો વિશે વિસ્તુત માહિતી આપી હતી. જ્યારે બીજા રીસોર્સ પર્સન લક્ષ્મી વિધાપીઠ, સરીગામના ફેકલ્ટી કુ.પુનમ યાદવે એમ.બી.એ.માં કેરીઅર અંગે વાતો કરી હતી. ત્રીજા વિષય તજજ્ઞ તરીકે શ્રી દિપેશ શાહે. એક બી.કોમ. થયેલો વિદ્યાર્થી આ સિવાયના કયા ક્ષેત્રોમાં પોતાની કારકિર્દી બનાવી શકે તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. સેમિનારમાં ભાગ લેવા પ્રો.એમ.એ.મુલ્લાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. જ્યારે કાર્યક્રમની વ્યવસ્થા ડૉ. દક્ષા ઠાકોરે સંભાળી હતી.

## એવોર્ડ

વિમલ ઉચ્ચત્તર કેળવણી ટ્રસ્ટ દ્વારા સંચાલિત કોલેજ ઓફ એપ્લાયડ સાયન્સીસ એન્ડ પ્રોફેશનલ સ્ટડીઝ (CASPS), ચીખલીને Outstanding Contribution for National Economic & Social Development માટે દિલ્હીની Foundation for Accelerated Community Empowerment દ્વારા રાષ્ટ્ર વિભૂષણ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર ગુજરાતમાં કોલેજોનો ઈન્ટરનલ પ્રોફાઈલનો અભ્યાસ કરી દિલ્હીની આ સંસ્થા દ્વારા ચીખલીની બી.સી.એ કોલેજને ૨૦૧૩નો રાષ્ટ્ર વિભુષણનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

## અધિવેશન

નવસારીના ગ્રીડ નજીક આવેલા કબીલપોર ચોવીસી વિભાગ કેળવણી મંડળ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે દક્ષિણ ગુજરાતી અધ્યાપકોનું સાતમું અધિવેશન યોજાયું હતું આ અધિવેશનમાં આચાર્ય સ્વામી (બીએપીએસ સ્વામીનારાયણ મંદિર નવસારી), ચીનુભાઈ મોદી, વિજય શાસ્ત્રી, અશોક ચાવડા, સિન્ડીકેટ સભ્ય સંજયભાઈ દેસાઈ, પ્રમુખ અજીતભાઈ દેસાઈ, મંત્રી ઓમ પ્રકાશ અગ્રવાલ વિગેરે ઉપસ્થિત રહયા હતા. પ્રા. પ્રકાશ પટેલ સૌને આવકારર્યા હતા. ત્યારબાદ ઈ. આચાર્ય ધનસુખ પટેલે જણાવ્યું કે ગુજરાતી વિષયના અધ્યાપકોનું અધિવેશન અમારી કોલેજમાં ભરાય તે નવસારી જીલ્લાનું અહોભાગ્ય છે. આ પ્રસંગે શુભેચ્છા સંદેશથી કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકરે કાર્યક્રમ માટે શુભેચ્છા પાઠવી હતી. દક્ષિણ ગુજરાતના ગુજરાતી અધ્યાપક સંઘના પ્રમુખ ડૉ. જગદીશ ગુર્જરે પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. આ પ્રસંગે ચીનુભાઈ મોદીએ જણાવ્યું કે સાહિત્ય ઉપર સૌનો હક છે. પોતે વાણીજ્ય વિભાગના તજજ્ઞ છતાં માતૃભાષા પ્રત્યેના લગાવને કારણે આજે ગુજરાતી સાહિત્યકારની તુલનામાં આવી ગયા છે. આ પ્રંસગે કાર્યક્રમના અધ્યક્ષ આચાર્ય સ્વામીએ ગુજરાતી ભાષાને આખા અક્ષર ધામની ભાષા જણાવીને આખા વિશ્વને કુટુંબ તરીકે સ્વીકારે આવી ભાષા એક માત્ર ગુજરાતી છે. તેમ જણાવીને આશીર્વચન પાઠવ્યા હતા. આ પ્રસંગે વિશિષ્ટ સિધ્ધિ મેળવનારા અધ્યાપકો ઈશ્વરભાઈ પટેલ, ડૉ. અશોક ચૌધરી, ડૉ. ભરત ઠાકોરનું સન્માન પણ આવ્યું હતું. આ સેમિનારમાં પ્રથમ બેઠકમાં અર્ધ્યનું સંચાલન ઉપ પ્રમુખ મુદિતા મહેતાએ કર્યું હતું. જેમાં અંકલેશ્વર કોલેજના પ્રા. વર્ષા પટેલે મોહન પરમાર લિખિત "અંચળો" પુસ્તક ઉપર અને પ્રા. મણીબેન સોલંકીએ "રાશવા સૂરજ" પુસ્તક ઉપર વ્યાખ્યાન આપ્યું. દ્વિતીય બેઠકમાં સાહિત્યકાર ચીનુભાઈ મોદીએ પોતાની હળવી શૈલીમાં કેફિયત રજુ કરતા કહયું કે અમદાવાદ એવું શહેર કે જ્યાં તમે કહો કે હું કવિ છું તો સામેવાળો તરત જ કહેશે કે હું બહેરો છું. આવી જગ્યાએ હું ૫૦-૬૦ વર્ષથી કવિતા લખું છું. ઉપરાંત વિજયભાઈ શાસ્ત્રીએ એમના સર્જક ઘડતરની વાતો કરી હતી. ડૉ. અશોક ચાવડા "બેદિલ"એ કેફિયત રજુ કરતા કહયું કે પોતીકી પીડા વૈશ્વિક પીડા ના બને ત્યાં સુધી સર્જન ન બને. ત્યારબાદ ઈ.આચાર્ય ધનસુખ પટેલની વિભાગીય મંત્રી તરીકે સર્વાનુમતે વરણી થઈ.

## વાંચન વિશેષ

**મહાકવિકાલિદાસવિરચિતં મેઘદૂતમ**
સંપાદકઃ ડૉ. આર.એસ.બેટાઈ
સુરતઃ ધી પોપ્યુલર પબ્લિશિંગ હાઉસ, ૧૯૬૪, પૃ. ૧૬૩. રૂ.૩.૫૦

'મેઘદૂત' એ ભાવપ્રધાન ખંકાવ્ય છે. મેઘનો માર્ગ, ભારતની ભૂગોળ, કાલિદાસનો જાણીતો ભવ્ય ભૂતકાળ વગેરે આ કૃતિમાં સમાવેશ પામે છે. કાલિદાસ અને તેમના 'મેઘદૂતમ' ના સૌંદર્યનો આસ્વાદ આ ગ્રંથમાં ઉપલબ્ધ છે. આ ગ્રંથની પ્રસ્તાવના ૮૨ જેટલાં વિસ્તૃત પાનાંમાં પથરાયેલી છે. જે અભ્યાસુઓને વધુ ઉપયોગી છે. આ પ્રસ્તાવનામાં સાહિત્ય અને કાવ્ય, સંસ્કૃત સાહિત્ય, કાવ્ય સાહિત્યની ઉત્પત્તિ, રામાયણ મહાભારતનો પ્રભાવ, કથાવસ્તુ, સ્વરૂપો, શૈલી, જીવનદર્શન અને અધ્યાત્મદર્શન, ભાષા, છંદ આદિ, ભાસ પહેલાંના લુપ્ત સાહિત્યના પુરાવા, દ્વિતીય વિભાગમાં કાલિદાસનો સમય, જીવન-કવન અને કાલિદાસની વિવિધ કૃતિઓનો સંક્ષિપ્ત પરિચય, સંસ્કૃત સાહિત્યમાં કાલિદાસનું સ્થાન, કાલિદાસની કાવ્યશૈલીનાં લક્ષણો વાચકને જોવા મળે છે. પ્રસ્તાવનાના ત્રીજા ભાગમાં મેઘદૂતનું વિશ્લેષણ પ્રાપ્ત થાય છે. બીજા ભાગમાં મેઘદૂતનો પ્રત્યેક શ્લોક, તેનો અનવય, ભાષાંતર અને વિતરણ સમાવેશ પામે છે. પ્રસ્તાવનામાં સંપાદક દર્શાવે છે કે, "સૃષ્ટિના વિકાસક્રમમાં એક પરિસ્થિતિ એવી ઉદભવી જ્યારે માનવને પોતાના વકિતત્વનો, સૃષ્ટિની વ્યવસ્થિતતાનો અને સૃષ્ટિમાં પોતાના અંગભૂત હોવાનો પ્રથમ પરિચય થયો. પ્રકૃતિની નિયમિતતા અને દ્રષ્ટિનાં વિભિન્ન તત્વનો વ્યવસ્થિત વિકાસક્રમે તેનામાં એક અમાનુષી શકિતના અસ્તિત્વની કલ્પના જન્માવી. અને એમાં જન્મેલ શ્રધ્ધા સાથે તેના હ્રદયમાંથી એ દૈવી શકિતના કૃપાપ્રસાદની પ્રાર્થના જન્મી. કાવ્યનો આ રીતે પ્રથમ જન્મ થયો. મહાકવિ, કવિકુલગુરુ, કાવ્યદેવીનો વિલાસ, કવિના કામિનીનો આત્મા, વૈદર્ભીરીતિનો સ્વામી વગેરે બિરુદો પામનાર કાલિદાસ સંસ્કૃત નાટયસાહિત્યનો મુકુટમણિ છે. ગેટે અને રાયડર જેવા સમર્થ પંડિતો કાલિદાસની કવિતાથી મુગ્ધ બને તેમાં નવાઈ પણ નથી. આ મહાકવિની કૃતિઓમાં માલવિકાગ્નિમિત્ર, વિક્રમોર્વશીયમ, શાકુન્તલ, ઋતુસંહારમ, મેઘદૂતમ, કુમારસંભવમ, રઘુવંશમ વગેરે સમાવેશ પામે છે. કાલિદાસના 'મેઘદૂત'માં આઠ માસ માંડ માંડ વિરહમાં વિતાવી વર્ષાનું પ્રથમ વાદળ જોતો યક્ષ પોતાની પ્રિયતમાની ચિંતામાં પડે છે. ભારે હૃદયે પોતાનો પ્રેમસંદેશો અલકાપુરી લઈ જવા એક વાદળને વીનવે છે. કાલિદાસની વર્ણનકલા સોળે કળાએ ખીલી ઉઠે છે. તેમના વર્ણનમાં ભારતની સમગ્ર વનશ્રી પૂર્ણ તથા જીવંત બની જાય છે. મેઘદૂત કાવ્ય પૂર્વમેઘ (કુલ શ્લોક -૬૩) અને ઉત્તરમેઘ (કુલ શ્લોક-૫૫) એમ બે ભાગમાં વિભાજીત છે. કાલિદાસે હિમાલયમાં કૈલાસના ઉચ્ચ સ્થાને રહેલ કુબેરના નગરના એક યક્ષની કલ્પના કરી છે. યક્ષ અને તેની પ્રિયતમાનું નામ આપવાની પણ કવિને આવશ્યકતા લાગી નથી કારણ કે આ કાવ્ય ભાવપ્રધાન છે. સ્વામીના શ્રાપથી વિખૂટો પડી રામગીરીના આશ્રમોમાં ભટકે છે. વરસાદના દિવસો આવે છે, વાદળો દેખાય છે. અરે! દર વર્ષે મુસાફરો આઠ મહિના દૂર દૂર ભટકી ચોમાસાની શરૂઆત થતાં પાછા ઘેર આવે એ દિવસે આવી ગયા! છતાં યક્ષથી જવાય તેમ નથી. કારણ, ચાર મહિના બાકી છે. શું કરવું? પ્રિયતમાનું હૈયું વિયોગમાં ફાટી પડશે. પ્રિયતમાને પતિના કુશળનો સંદેશો મોકલવો જોઈએ, વાદળ સાથે સંદેશો મોકલવાનો યક્ષ નિર્ણય કરે છે. પ્રિયતામાનું વર્ણન કરતા કરતાં યક્ષ કહે છે કે "એને જાણ સહુ યુવતીમાં ઈશની આદ્ય સૃષ્ટિ." તે પછી પ્રેમભર્યો સંદેશો યક્ષ આપે છે. તે પત્નીનું કુશળ પૂછે છે. પોતે વિયોગના દિવસો કઈ રીતે પસાર કરે છે તે જણાવે છે અને સંદેશો આપે છે. યક્ષ ઈચ્છે છે કે વાદળને કદી પણ પ્રિયતમા એવી વીજળીથી વિયોગ ન થાય. આ સ્વાભાવિક અંત છે. કવિને રામાયણના કેટલાક વિચારો, કેટલીક ઉપમાઓ, કેટલાક શબ્દો કોઈ કોઈ ભાવો વગેરેનો 'મેઘદૂત'ની રચનામાં કર્યો છે. મેઘદૂતનો મુખ્ય ઉદ્દેશ્ય વિરહવ્યાકૂલ જનોની વિયોગાવસ્થામાંથી થતી પરિસ્થિતિનું ગાન કર્યુ છે, અને તે માટે યક્ષ અને યક્ષપત્નીને નામ આપ્યા વિના પ્રતીક માત્ર તરીકે કવિએ પસંદ કર્યા છે. 'મેઘદૂત' કાલિદાસને તેના મહાકાવ્ય અને નાટકના ક્ષેત્રના શ્રેષ્ઠ સ્થાન અપાવે છે. વિયોગગ્રસ્તા પ્રિયતમાના મુખનું હૃદયસ્પર્શી વર્ણન જોઈએઃ એક મનભાવન શ્લોકમાં કવિ કહે છે કેઃ "ભારે રૂદનને કારણે સૂજી ગયેલી આંખોવાળું, ઊના નિસાસાને કારણે ઝાંખા પડેલા અધરોષ્ઠવાળું, હાથ પર ટેકવેલ, લાંબા (છૂટા) વાળને લઈને પૂરૂં ન દેખાતું (મારી) પ્રિયાનું મુખ તારા અનુસરણે ઝાંખી પડેલી કાન્તિભર્યા ચન્દ્રની દીનતા ખરેખર ધારણ કરતું હશે." પ્રિયતમાના સૌંદર્યનું વર્ણન જોઈએઃ "તારી સખીનું હૃદય મારા પ્રતિ સ્નેહભર્યુ છે તે હું જાણું છું તે (કારણથી જ) પ્રથમ વિરહના વખતે તેની આવી દશા હું કલ્પું છું. મારા પોતાના રૂપનું અભિમાન મને વાચાળ બનાવતું નથી. જે કાંઈ મેં કહયું તે બધું થોડા જ વખતમાં તને પ્રત્યક્ષ થશે." "તન્વી, યૌવના, અણિયાળા દાંતવાળી, પાકા બિમ્બ ફળ જેવા લાલ હોઠવાળી, કેડે પાતળી, ચંચળ હરિણીના જેવી દ્રષ્ટિવાળી, ઊંડી નાભિવાળી, નિતંબના ભારથી મંદગતિ, સ્તનોના ભારથી સ્હેજ નમેલી, એવી તેને તું સર્વ યુવતીઓમાં સર્જનહારની શ્રેષ્ઠ રચના સમી જોશે." આ લઘુકાવ્યો સિવાય સંસ્કૃત સાહિત્યમાં કાલિદાસનું 'ઋતુસંહાર', ભર્તૃહરિનું 'નીતિ, વૈરાગ્ય અને શૃંગારશતક', અમરુનું 'અમરુશતક', બિલ્હણનું 'ચૌરપંચાશિકા', જયદેવનું 'ગીતગોવિન્દ', જગન્નાથનું 'ભામિનીવિલાસ અને 'ગંગાલહરી' આપણને મળ્યાં છે. મેઘદૂતના રસાળ કાવ્યમય અનુવાદથી ભરપૂર વરસાદની આ ઋતુમાં વિપ્રલંભ શૃંગારરસયુકત 'મેઘદૂત' ઉર્મિકાવ્ય કે ગીતિકાવ્યને માણવું રહયું.

ડૉ. જે.આર. મહેતા
કુલસચિવ

**VNSGU**
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT**

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**
**Published by : Dr. J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com